# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-10-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગુજરાતના મંત્રી મંડળની બેઠક:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ. તેમાં રાજ્યના વરિષ્ઠ મંત્રીઓએ કમોસમી વરસાદની સ્થિતિ અંગેનો અહેવાલ રજૂ કર્યો. બેઠકમાં ખેડૂતોને થયેલા નુકસાનના વળતર અંગે પણ ચર્ચા થઈ. આ ઉપરાંત 31 ઓક્ટોબર કેવડીયા એકતાનગર ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કર્યા બાદ વિભાગોમાં મંત્રીની કામગીરી અને આગામી 100 દિવસના કાર્યસૂચિ સંદર્ભે મંત્રીઓએ મુખ્યમંત્રીને અહેવાલ સોંપ્યો.

----------------------------------------------------------------------------------------------------

## 108ની દિવાળી વખતે સેવા:

કચ્છના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના લોકો માટે 108 ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવા આશીર્વાદ સમાન છે. ત્યારે આ વખતે દિવાળીના દિવસોમાં જિલ્લાના 300થી વધુ કર્મચારીઓને મદદ માટે સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યા હતા. દિવાળી પર્વ દરમિયાન 108 દ્વારા ઇમરજન્સીમાં સારવારની જરૂર હોય તેવા 814 લોકોની મદદ કરવામાં આવી હતી. સામાન્ય દિવસોમાં કચ્છમાં સરેરાશ 160થી 170 કેસ આવતા હોય છે જેની સામે દિવાળી પર્વ દરમિયાન દોઢ ગણો વધારો થવા પામ્યો હતો. જેમાં સૌથી વધુ રોડ અકસ્માતના 142 કેસ નોંધાયા છે જ્યારે સૌથી ઓછા દાઝી જવાના 3 કેસ નોંધાયા હતા. વાહન સિવાય ઇજાના 113 કેસ, શ્વાસની તકલીફના 79,

તેમજ અન્ય 178 મળીને કુલ 814 દર્દીઓને હોસ્પિટલમાં પહોંચાડાયા હતા. 20 ઓક્ટોબરથી 23 ઓક્ટોબર દરમિયાન 108ની ટીમ રાત દિવસ જિલ્લાવાસીઓની સેવામાં હાજર રહી હતી.

---

## જલારામ બાપાની જન્મ જયંતિની ઉજવણી:

સૌરાષ્ટ્રના સંત શિરોમણી જલારામ બાપાની 226 મી જન્મજયંતિની આજે જિલ્લાભરમાં શ્રદ્ધા અને ભક્તિ ભાવ સભર ઉજવણી થઈ રહી છે. ભુજ લોહાણા મહાજન દ્વારા દરિયાસ્થાન મંદિરમાં આવેલ જલારામ બાપાના સ્થાનકે સવારથી જ મહાઆરતી, પૂજનવિધિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સાંજે સંગીત સંધ્યા અને અન્ય કાર્યક્રમો યોજાશે. ભુજમાં કંસારા બજારમાં આવેલ રવાણી ફળિયામાં પ્રાચીન જલારામ મંદિરમાં પણ ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી રહ્યાં છે. ભુજ ઉપરાંત અંજાર, ગાંધીધામ, આદિપુર, મુંદ્રા, માંડવી, ભચાઉ, રાપર, નખત્રાણા, નલિયા વિગેરે શહેરો અને ગામોમા વિવિધ કાર્યક્રમોથી વાતાવરણ ગાજતું રહ્યું છે.

---

## જિલ્લામાં વાદળછાયુ વાતાવરણ :

હવામાન વિભાગની અગાહીને પગલે રાજ્યના વિવિધ જિલ્લામાં વરસાદ થઈ રહ્યો છે ત્યારે આજે કચ્છ જિલ્લામાં સવારથી કમોસમી વરસાદની ભીતિ વચ્ચે વાદળોનો જમાવડો જોવા મળી રહ્યો છે. ગઇકાલે ભુજ, ગાંધીધામ, અંજાર, નખત્રાણા અને ભચાઉ તાલુકામાં ઝરમરથી માંડી દોઢેક ઈંચ વરસાદ પડયો હતો. આજે સવારથી કચ્છમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે અને વાતાવરણમાં ઠંડક પણ પ્રસરી છે. હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે અને માછીમારોને આગામી 5 દિવસ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

---

## ક્રિકેટ:

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની કેનબેરા ખાતેની પ્રથમ ટી 20 મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી બોલિંગ પસંદ કરી ભારતીય ટીમને દાવમાં ઉતારી હતી. ભારતે એક વિકેટ ગુમાવી 97 રન કર્યા ત્યારે વરસાદ પડતાં મેચ રોકી દેવી પડી હતી. સુકાની સૂર્યકુમાર યાદવ 39 અને શુભમન ગિલ 37 રને દાવમાં હતા ત્યારે મેચ અટકાવી દેવી પડી હતી, હવે બીજી મેચ શુક્રવારે 31 મીએ મેલબોર્નમાં રમાશે.

---

## સરહદ ડેરી દ્વારા દુધના ફેટમાં વધારો:

કચ્છ સરહદ ડેરી દ્વારા નવાં વર્ષે પશુપાલકોને દૂધના ફેટના ભાવ વધારાની ભેટ આપવામાં આવી છે. એક નવેમ્બરથી પશુપાલકોને ખરીદ ભાવમાં પ્રતિ કિલો ફેટ 820 રૂપિયા આપવામાં આવશે. સરહદ ડેરીના દૂધ સંઘના નિયામક મંડળની તેમજ મંડળીઓની સહકાર સમિતિની બેઠક મળી હતી, જેમાં સમિતિના સભ્યો દ્વારા દૂધના ભાવ વધારવા માટે રજૂઆત કરી હતી જેને માન્ય રાખીને સરહદ ડેરી દ્વારા 10 રૂપિયા પ્રતિ કિલો ફેટ દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોના હિતમાં નિર્ણય લેવામાં આવ્યો છે. હાલના સમયે પ્રતિ કિલો ફેટ 810 રૂપિયા આપવામાં આવે છે અને તે વધારીને હવે 820 રૂપિયા પ્રતિ કિલો ફેટ કરવામાં આવશે.

---

## જી.કે.જનરલ હોસ્પિટલ મેડિકલ સુપ્રીડેન્ટને એવોર્ડ:

અદાણી સંચાલિત ગેઇમ્સ જી.કે. જનરલ હોસ્પિટલના ચીફ મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. નરેન્દ્ર હીરાણીને હેલ્થકેર દ્વારા દેશના વેસ્ટ ઝોન વિભાગના શ્રેષ્ઠ ઇ.એન.ટી. તબીબ તરીકે એવોર્ડ અર્પણ કરાયો છે. દિલ્હી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ડો. હીરાણીને ઇ.એન.ટી. વિભાગની સેવાઓને પાયાનાં સ્તરેથી ટાંચાં સાધનો વચ્ચે પણ વૈશ્વિક કક્ષાની સેવા ઉપલબ્ધ બનાવવા બદલ 23 વર્ષની મહેનતના પગલે એવોર્ડ આપી સન્માનાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. હીરાણીનું અદાણી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ માટે યોગદાન રહ્યું છે. ભુજ ઇન્ડિયન મેડિકલ

એસોસિએશનના પ્રમુખ અને ગુજરાત સ્તરે આઇ.ઓ.એ.ના પ્રમુખ રહી ચૂક્યા છે. ભૂકંપ, કોરોના, વાવાઝોડાં જેવી આફતોમાં સેવા બજાવી છે.

---

## કોડાયમાં રમોત્સવ:

કોડાયના મદનપુરા ખાતે લક્ષ્મીનારાયણ કડવા પાટીદાર સનાતન સમાજ તથા મુંબઈ દ્વારા યુવક મંડળ અને મહિલા મંડળના સંયુક્ત આયોજન હેઠળ ત્રિદિવસીય મદનપુરા રમતોત્સવ યોજાયો હતો. 400થી વધુ યુવાનો, મહિલાઓ, બાળકો, વડીલો મુંબઈથી કચ્છ આવી આ રમતોત્સવમાં જોડાયા હતા.

---